ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

ખ-માર્ગ પર રોડ રોમિયોગીરીથી મહિલા વાહનચાલકોને કનડગત

ખ-૩ થી સરગાસણ તરફ જતા માર્ગ પર સીસીટીવી કેમેરાના અભાવને કારણે છાકટા બનતા લુખ્ખા તત્વો ધુમ બાઇકીંગ, ગંદી ગાળો સાથે ઝઘડાં અને ધોળે દહાડે અશ્લીલ ચેષ્ટાઓ સાથે છેડતીનું દૂષણ વધ્યું

ગાંધીનગર, તા.૮

છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગરના ખ માર્ગ પર વાહનચાલક મહિલાઓ તથા યુવતીઓની સામે એક બાઇકસવાર યુવાન અશ્લીલ ચેષ્ટાઓ કરી રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ખ-૩ થી સરગાસણ તરફ જતા માર્ગ પર સીસીટીવી કેમેરાની ગેરહાજરીનો લાભ ઉઠાવી આ યુવાન મહિલા વાહનચાલકોને જોઈ કપડાં ઉતારી નાંખવા જેવી ચેષ્ટાઓ કરી દિનદહાડે છેડતી કરી રહ્યો છે. આ ઉપરાંત પણ આ માર્ગ પર અનેક રોડરોમિયો છાકટા બનીને ફરતા જોવા મળતા હોય છે જેથી આ માર્ગ ઉપર સીસીટીવી કેમેરા લગાડવા સાથે પોલીસ પેટ્રોલીંગ પણ સઘન બનાવવું જરૂરી જણાઇ રહ્યું છે.

દેશમાં મહિલાઓ માટે સુરક્ષિત કહેવાતા ગુજરાતના પાટનગર તથા સભ્ય અને સુસંસ્કૃત શહેર તરીકે જાણીતા ગાંધીનગરના ખ-માર્ગ પર વધતી જતી રોમીયોગીરીથી મહિલાઓ પરેશાન થઇ રહી છે. આમ તો આ માર્ગ ઉપર મહાત્મા મંદિર હોવાને કારણે સુરક્ષાની દૃષ્ટિએ અગત્યનો અગત્યનો માર્ગ ગણાય છે પરંતુ સરગાસણ ચાર રસ્તાથી ખ-૩ સર્કલ સુધીનો લાંબો પેજ જ્યાં સીસીટીવી કેમેરાનો અભાવ છે જેનો લાભ ઉઠાવે કેટલાક નરાધમોએ ધોળા દિવસે ખુલ્લેઆમ મહિલાઓની છેડતી કરતા હોવાનું દૂષણ પાટનગરની આબરુને બટ્ટો લગાડી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી આ માર્ગ ઉપર કેટલાક બાઇકસવાર યુવાનો મહિલા વાહનચાલકોની કનડગત કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ સાથે તાજેતરમાં એક સનકી યુવાન જ્યારે કોઇ યુવતી તેના ટુ-વ્હીલર પરથી પસાર થતી હોય ત્યારે તેમને જોઈને પોતાનું ટીશર્ટ ઉતારી નાંખે છે અથવા પેન્ટ ઉતારીને અશ્લીલ હરકતો કરી રહ્યો છે. શરમના માર્યા યુવતીઓ કોઈને કશું કહી શકતી નથી જેના કારણે આ યુવાન દિનપ્રતિદિન વધુ છાકટો બની રહ્યો છે. તેની હરકતોથી હતપ્રત બનેલી યુવતીઓને માટે ત્યાંથી શરમથી માથું ઝુકાવીને ચાલ્યા જવા સિવાય બીજો કોઇ રસ્તો રહેતો નથી. વળી, આ માર્ગ પર અનેક લુખ્ખા તત્વો ધુમ બાઇકીંગ કરીને અન્ય વાહન ચાલકોને ડરાવવા, તેના વિડિયો બનાવીને સોશિયલ મિડીયા પર રોલા પાડવા અપલોડ કરવા તેમજ મોટે મોટે અવાજે ગંદી ગાળો અને અપશબ્દો બોલીને ઝઘડા કરવા જેવા કારનામા કોઇપણ જાતના ડર વગર કરી રહ્યાં છે. આ માર્ગ પર સતત વધી રહેલી લુખ્ખાગીરી અને રોમિયોગીરીને ડામવા પોલીસ તંત્રે અહીં સઘન પેટ્રોલિંગ કરીને આ પ્રકારના લુખ્ખા તત્ત્વોને ઝબ્બે કરી સબક શીખવાડવાની જરૂર છે તેમજ વહીવટી તંત્રએ પણ આ માર્ગ ઉપર સીસીટીવી કેમેરાની સુરક્ષા વધારવી આવશ્યક જણાય છે.

જન્મદિને વધામણી

દેવ્યાની મનોજ શુક્લ
મો. ૬૩૫૫૫૧૪૬૮૪

દેવાંશ રણછોડભાઈ રથવી

શાના બાબુડી
અભ્યાસ BHMS-રાજકોટ

મંજુલાબેન એ ભટ્ટી
મો. ૭૯૮૪૯ ૮૨૧૧૪

જયદીપ વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૯૯૮૩ ૬૩૬૦૦

ઊર્મિલા એલ શર્મા

રાજેશ્વરી મુકેશકુમાર કોઠારી
રિટાયર્ડ સ્ટેનો
ગુજરાત વિધાનસભા
મો. ૯૭૨૫૯ ૯૩૧૧૦

થર્મલ પાવર સ્ટેશનથી ફેલાતા હવા પ્રદુષણને નિયંત્રિત કરવા જાગૃત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે થર્મલ સ્ટેશન દ્વારા ફેલાતા હવાના પ્રદૂષણને નિયંત્રિત કરવા માંગણી કરી છે. પ્રદૂષણ નિયંત્રણ અંગેના ઉપાય સૂચવતાં પરિષદે જણાવ્યું છે કે પ્લાન્ટની નિયમિત ચકાસણી અને જાળવણી કરવી અનિવાર્ય બનાવવામાં આવે. સ્ટેશન મોનીટરી સિસ્ટમ દ્વારા પર્યાવરણ અંગેના પ્રમાણભૂત અહેવાલો મળે અને તે મુજબ નિયમાનુસાર અમલીકરણ કરવામાં આવે. વર્તમાનપત્રોમાં તેની નિયમિત પ્રસિદ્ધિ કરવામાં આવે. ટીપીએસ પ્લાન્ટ નજીકના સેક્ટરો પાસે પ્રદૂષણમુક્ત ઓક્સિજન ટાવર મૂકવા વિચારવામાં આવે.

શહેરમાં આવેલા અતિ જૂના થર્મલ સ્ટેશનના બે જૂના ટાવર પાડી દેવામાં આવ્યા છે . બાકીના ત્રણ ટાવર પણ ઘણા જૂના છે અને જૂની ટેકનોલોજીથી ચલાવવામાં આવે છે. તેની ઉત્પાદન ક્ષમતા ચકાસવા તેમજ તેના દ્વારા ઉત્પન્ન થતા પોલ્યુશનની સમીક્ષા કરવા નિષ્ણાતોની સમિતિની નિમણૂંક કરવા સરકારને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે. થર્મલ પાવર હાઉસના ધુમાડા અને ઊડતી કોલસીને કારણે નજીકના સેક્ટરના રહેવાસીઓના ફેફસાં નબળાં પડે છે. કોરોના સંક્રમણના અત્યારના સમયે નબળાં ફેફસાંવાળા લોકો ઝડપથી કોરોના સંક્રમિત થાય છે. આથી કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે પણ ગાંધીનગરને પ્રદૂષણમુક્ત કરવું જરૂરી છે. ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકોની સંસ્થા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની વર્ચ્યુઅલ બેઠક પ્રમુખશ્રીના અધ્યક્ષપદે મળી હતી અને સભ્યશ્રીઓએ નોંધપાત્ર સૂચનો કર્યા હતા.

ફતેપુરમાં ઉભરાતી ગટર મામલે આમ આદમી પાર્ટી દ્વારા રજૂઆત

ગાંધીનગર, તા.૮

નદી કિનારે વસેલા ગામ ફતેપુરમાં છેલ્લા ઘણા મહિનાઓથી ઉભરાતી ગટરનું નિવારણ લાવવા ગ્રામવાસીઓએ આમ આદમી પાર્ટી સમક્ષ રજુઆત કરતાં આમ આદમી પાર્ટી મનપાના ઉમેદવાર વોર્ડ નં. ૨ના જય નવજી વાઘેલા, પૃથ્વીરાજસિંહ વાઘેલા દ્વારા નોંધ લઈ સતત ખડેપગે રહીને કર્મચારીઓ સાથે કામ કરી રહ્યા છે. ઉપરાંત ગટરનું નિવારણ લાવવા મથામણ ચાલી રહી છે. પાણીની ટાંકીની સમસ્યા, સ્ટ્રીટલાઈટો બંધ હોવી અને તેનું પણ તાત્કાલિક નિવારણ કરવું, મોબાઈલ નેટવર્કનો અભાવ જેથી સ્થાનિક છોકરાએ ઓનલાઈન શિક્ષણથી વંચિત રહે છે વગેરે ગામની સ્મસ્યાઓને લઈને કલેકટરને રજુઆત કરવામાં આવી હતી.

શ્રીમતી આર.એન.પટેલ પ્રાયમરી શાળા દ્વારા ૭ જુલાઈના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાના ઘરે જ વૃક્ષારોપણ કરી, તેનું જતન કરવાનું નિર્ણય લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન આશિષભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૮

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ઓનલાઈન 'વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૬ જુલાઈ, ૨૦૨૧ થી ૬ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી દર મંગળવાર અને શુક્રવારે વિષય નિષ્ણાંત દ્વારા પશુપાલકોને વિવિધ વિષય પર તજજ્ઞો દ્વારા માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત ૬ જુલાઈ ૨૦૨૧ મંગળવારનાં રોજ આયોજિત ઉદ્ઘાટન સત્રમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલા, સંશોધન નિયામકશ્રી, ડૉ. ડી. બી. પાટીલ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. પી. એચ. વાટલિયા, રાજ્યની વેટનરી કોલેજના પ્રિન્સિપાલ, વિષય નિષ્ણાંતો અને રાજ્યના વિવિધ જિલ્લામાંથી પશુપાલકો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા.

પ્રશિક્ષણ કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ડૉ. પી. એચ. વાટલિયાએ કામધેનુ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતા 'ગોધૂલિ' સામયિક વિષે પશુપાલકોને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત પશુપાલકોને પ્રશિક્ષણ કાર્યક્રમમાં ભાગ લઈ પોતાના વ્યવસાયમાં આધુનિક અભિગમ અપનાવી આર્થિક પગભર થવા આહ્વાન કર્યું હતું.

માન. કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલાએ પશુપાલનના પાંચ મહત્વના પાસાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતુ. વધુમાં પ્રથમ સત્રમાં પશુપાલકોને વિષય નિષ્ણાંત ડૉ. જે. એસ. પટેલ દ્વારા નફાકારક પશુપાલન માટે ધ્યાનમાં લેવાના મુદ્દા વિશે માહિતી આપવામાં આવી હતી અને પશુપાલકોનાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજિત ૫૫ જેટલા પશુપાલકો ઉત્સાહભેર જોડાયા હતા.

"લો ફૂલ એંડ લીગલ ઇનસાઇટ" વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ દ્વારા તૃતીય



વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા મુખ્ય વક્તા જયકિશન ફેફરને કોલેજ વતી આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને જયકિશન ફેફરમાંથી પ્રેરણા લઈ ઉજ્વળ કારકિર્દી ઘડવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ કોલેજના ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા તેઓનો પરિચય વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.

કંપનીના વિવિધ પ્રકારો તેના ફાયદા વગેરેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ કંપનીનું નામકરણ તેમજ તેના બેંક એકાઉન્ટ અને બેંક વ્યવહારો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા સાથે સાથે ધિરાણ મેળવવા માટે કંપની એ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવો પડે જેના આધારે ધિરાણ મેળવી શકાય આથી પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવામાં જરૂરી કન્ટેન્ટ તેમજ કાનૂની બાબતો, ટેકનોલોજીકલ તેમજ ફાયનાન્સીયલ એનાલીસીસની પણ માહિતી આપી હતી. સાથેસાથે સફળ આંત્રપેન્યોર બનવા માટે ઉપરોક્ત મુદ્દાઓના અનુસંધાને ગંભીરતાપૂર્વક અધ્યયન કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના તેમજ તમામ અધ્યાપક દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોમર્સ કોલેજમાં 'ઈન્ડિયન હીસ્ટ્રી-એ બ્રીફ આઉટલાઈન' વિષય ઉપર ડૉ. વિક્રમસિંહ અમરાવતનું ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું હતું. તેઓ મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે ઈતિહાસ વિભાગમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપે છે. વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને ભારતના પ્રાગ ઐતિહાસિક કાળથી લઈને વર્તમાનકાળ સુધીની જુદી જુદી ઘટનાઓ અને માહિતીથી વાકેફ કરવામાં આવ્યા હતા. ઉપરાંત સોશિયલ મિડીયા પર ફરતા ઈતિહાસને સાચો ન માનતા આધારભૂત માહિતીવાળા ઈતિહાસને વાંચવા અને સમજવાની ટકોર કરી હતી. વ્યાખ્યાનમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા. વ્યાખ્યાનનું આયોજન અંગ્રેજી વિભાગના અધ્યાપિકા નયના રંગવાલાએ કર્યું હતું અને આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ માર્ગદર્શન આપ્યું હતું.

કોરોનાકાળમાં માતા પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોના આધાર બની રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં આ યોજનાનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જેજેબીના સભ્યો બિપિનભાઈ રાવલ અને સુશ્રી સુનંદાબેન ગૌર હાજર રહ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ

કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં હેંકરચીફ ઍકટીવીટી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ હાથરૂમાલમાંથી ચોકલેટ, ઓશીકું, ફૂલ, ગાજર, જેવી વિવિધ વસ્તુ ઓનલાઈન ક્લાસમાં શિખવી હતી. જેમાં નર્સરી, જુનિયર, અને સિનિયરના બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

શહેરના વરિષ્ઠ અભિનેતાનું આંતરરાષ્ટ્રીય સ્તરે એવોર્ડ વિજેતા ફિલ્મમાં પદાર્પણ

ગાંધીનગર, તા.૮

કોરોના મહામારીને કારણે એક લાંબા અંતરાલ પછી હવે ફરી એક વાર મનોરંજન ઉદ્યોગ શરૂ થવા જઈ રહ્યો છે જે અંતર્ગત આગામી સમયમાં શહેરના સિનેમાઘરોમાં આંતર રાષ્ટ્રીય સ્તરે જેનર સેલીબ્રેશન ફેસ્ટીવલ ટોકિયો-જાપાન ખાતે પ્રદશિત થતા બેસ્ટ ફિલ્મનો એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'બાવરી' રજૂ થવા જઇ રહી છે. આ ફિલ્મમાં ગાંધીનગરના જાણીતા વરિષ્ઠ ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન પણ અભિનયના અજવાળાં પાથરી રહ્યાં છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી અલગ અલગ વિષયો પર બનેલી ગુજરાતી ફિલ્મો સફળ બની રહી છે. છેલ્લા ચાર દાયકાથી હસમુખ મેકવાન નાટકો, ટીવી સિરિયલો, દસ્તાવેજી ફિલ્મો , જાહેરાતમાં પોતાના અભિનય દ્વારા એક આગવી ઓળખ ઉભી કરી છે. ગુજરાતી ફિલ્મોમાં ચોરના ભાઈ ઘંટી ચોર, ગટટુ માય ફ્રેન્ડ, તમે કેવા?, ઢ , મસ્તીખોર, રૂપિયો નાચ નચાવે, મિ.અજાણ્યો, લાઇફ ઇઝ બ્યુટીફૂલ, પેટીપેક વગેરેમાં અલગ અલગ ભૂમિકા ભજવી છે. હવે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે એવોર્ડ વિજેતા મહિલા પ્રધાન ફિલ્મ 'બાવરી'માં તેઓ પોલીસ અધિકારીની ભૂમિકામાં જોવા મળશે.

સે-૨૧ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા શેરી શિક્ષણ

ગાંધીનગર, તા.૮

કોરોનાની પરિસ્થિતિ થાળે પડતા સરકારી શાળાના બાળકોને ફરી શિક્ષણ સાથે જોડવા કપરી કામગીરી

શિક્ષકો દ્વારા કરાઈ રહી છે. મોટી શાળાના બાળકોને ઓનલાઈન શિક્ષણ મળે છે પણ ઝુંપડામાં રહેતા બાળકો શિક્ષણથી વંચિત રહી ગયા છે. સેક્ટર-૨૧ ની સરકારી શાળાના ફક્ત ૬૦ વિદ્યાર્થીઓ રહ્યા હતા . શાળાના શિક્ષકો પ્રવિણાબેન, રશ્મિકાબેન, શુષ્માબેન અને આચાર્ય રાજેશભાઈ સોની અથાગ મહેનતથી ફરી મૃતપ્રાય બનેલી સ્કુલ ને ધમધમાટ કરવામાં આવી છે. શાળામાં બાળકોને મધ્યાહન ભોજન યોજના હેઠળ ઘઉં, ચોખા અને શિષ્ય વૃત્તિ સરકાર તરફથી આપવામાં આવે છે. સરકારી શાળાના બાળકો ને એકદમ મફત શિક્ષણ આપવામાં આવે છે.

થર્મલ પાવર સ્ટેશનથી ફેલાતા હવા પ્રદુષણને નિયંત્રિત કરવા જાગૃત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે થર્મલ સ્ટેશન દ્વારા ફેલાતા હવાના પ્રદૂષણને નિયંત્રિત કરવા માંગણી કરી છે. પ્રદૂષણ નિયંત્રણ અંગેના ઉપાય સૂચવતાં પરિષદે જણાવ્યું છે કે પ્લાન્ટની નિયમિત ચકાસણી અને જાળવણી કરવી અનિવાર્ય બનાવવામાં આવે. સ્ટેશન મોનીટરી સિસ્ટમ દ્વારા પર્યાવરણ અંગેના પ્રમાણભૂત અહેવાલો મળે અને તે મુજબ નિયમાનુસાર અમલીકરણ કરવામાં આવે. વર્તમાનપત્રોમાં તેની નિયમિત પ્રસિદ્ધિ કરવામાં આવે. ટીપીએસ પ્લાન્ટ નજીકના સેક્ટરો પાસે પ્રદૂષણમુક્ત ઓક્સિજન ટાવર મૂકવા વિચારવામાં આવે.

શહેરમાં આવેલા અતિ જૂના થર્મલ સ્ટેશનના બે જૂના ટાવર પાડી દેવામાં આવ્યા છે . બાકીના ત્રણ ટાવર પણ ઘણા જૂના છે અને જૂની ટેકનોલોજીથી ચલાવવામાં આવે છે . તેની ઉત્પાદન ક્ષમતા ચકાસવા તેમજ તેના દ્વારા ઉત્પન્ન થતા પોલ્યુશનની સમીક્ષા કરવા નિષ્ણાતોની સમિતિની નિમણૂંક કરવા સરકારને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે. થર્મલ પાવર હાઉસના ધુમાડા અને ઊડતી કોલસીને કારણે નજીકના સેક્ટરના રહેવાસીઓના ફેફસાં નબળાં પડે છે. કોરોના સંક્રમણના અત્યારના સમયે નબળાં ફેફસાંવાળા લોકો ઝડપથી કોરોના સંક્રમિત થાય છે. આથી કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે પણ ગાંધીનગરને પ્રદૂષણમુક્ત કરવું જરૂરી છે. ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકોની સંસ્થા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની વર્ચ્યુઅલ બેઠક પ્રમુખશ્રીના અધ્યક્ષપદે મળી હતી અને સભ્યશ્રીઓએ નોંધપાત્ર સૂચનો કર્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ બાબુભાઈ ઉમેદભાઈ, ઉ.વ. ૮૪, સાણોદા, દહેગામ
- સ્વ. દરજી મગનભાઈ ખેમાભાઈ, ઉ.વ. ૭૨, સેક્ટર-૨૪
- સ્વ. પટેલ લક્ષ્મીબેન અમરતભાઈ, ઉ.વ. ૫૫, માણેકપુર, માણસા
- સ્વ. મકવાણા સુરેશકુમાર ભીખાજી, ઉ.વ. ૩૧, આલમપુર